| | | |
|---|---|---|
| GJSR130004132026 | RECEIVED ON | 15-04-2026 |
| | REGISTERED ON | 15-04-2026 |
| | DECIDED ON | 22-07-2026 |
| | DURATION | DYS. MTHS. YRS. |
| | | 07 03 00 |

**સુરતની બીજી ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**પરચુરણ અરજી (આઇ.ટી.) નં.૩૭૫/૨૦૨૬**
**ઈન**
**ફરિયાદ (આઈ.ટી.) નં.૧૬૨/૨૦૨૦**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૬/૨૦૧૫**
**આંક–૬**

**અરજદાર :– જી.એસ.એફ.સી.લી. (ફાઈબર યુનિટ)**
ઠે. મુ.પો. કુંવરદા (કોસંબા), તા. માંગરોળ,
જી. સુરત–૩૯૪૧૨૦.

**વિરુધ્ધ**

**સામાવાળા :– રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ રાઠોડ,**
મુ.પો. કુંવરદા,
તા. માંગરોળ, જી. સુરત.
**કે/ઓ. અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,**
બીજો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થરકુવા પોલીસ ચોકીની સામે,
રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.

**હાજર રહયા:–**
**અરજદાર તરફે** : વિ.પ્રતિનિધિશ્રી પિયુષભાઈ દણાંક.
**સામાવાળા તરફે :** વિ.પ્રતિનિધિશ્રી વી.કે. કાઝી.

**-: હુકમ :-**

**(૧)** સદર અરજી આ કામે ફરિયાદ (આઈ.ટી.) નંબર:૧૬૨/૨૦૨૦માં તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ થયેલા એકતરફી હુકમને રદ કરી સદર ફરિયાદને ગુણદોષ ઉપર ચલાવવા પુનઃ બોર્ડ પર લેવા હુકમ કરવા દાદ અરજદારે માંગેલી છે.

**(૨)** અરજદારની અરજીની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના સામાવાળાને બી.જે. એન્ટરપ્રાઈઝ મારફતે કામ પર રાખવામાં આવેલા જેથી સંસ્થા અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સંબંધો સ્થાપિત થયેલા નથી. સામાવાળા શ્રમયોગીને કોન્ટ્રાક્ટર દ્વારા છટણી કરવામાં આવેલા છે. સંસ્થાએ તેમની ઉત્પાદન પ્રક્રિયા તા.૦૧/૦૪/૨૦૧૮થી બંધ કરેલી છે અને તેની જાણ સંબંધિત સરકારી સંસ્થાઓને કરેલી છે. કોન્ટ્રાક્ટર દ્વારા છટણી કાયદેસરની કાર્યવાહી કરી વળતર ચૂકવી શ્રમયોગીને છટણી કરવામાં આવેલા છે જે અંગેનો હુકમ તા.૦૬/૦૫/૨૦૧૯નો કોન્ટ્રાક્ટરે આપેલો અને તે સામાવાળા શ્રમયોગીને મળેલો છે. જેથી સામાવાળા શ્રમયોગીએ જે દાવો કરેલો છે તે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કરેલો છે. છટણી તે નોકરીની શરતોમાં ફેરફાર બનતો નથી જેથી કલમ-૩૩-એ આ કેસમાં લાગુ પડતી નથી. કંપની તેવું માનતી હતી કે, શ્રમયોગી કોન્ટ્રાક્ટરના કામદાર હોવાથી તમામ જવાબદારી કોન્ટ્રાક્ટરની થાય છે. જેથી તેઓ કેસમાં હાજર રહી શકેલા નહીં જુદા-જુદા ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ કોર્ટે દરેક પક્ષકારને પૂરતી બચાવની તક એકતરફી હુકમ કરતા પહેલા આપવી જોઈએ. જેથી એકતરફીનો હુકમ કરતા પહેલા કોર્ટે તેઓ અને કોન્ટ્રાક્ટરને બચાવની તક ન્યાયના હિતમાં આપવી જોઈતી હતી. ફરિયાદ નં.૧૬૨/૨૦૨૦ના રેકર્ડને જોતા કોર્ટ દ્વારા દરેક સ્ટેજ વારાફરતી બંધ કરવામાં આવેલા છે અને કોઈ પણ

સ્ટેજે કોર્ટે કંપનીને નોટિસ હાજર રહેવા માટે કાઢેલ નથી. રજૂ થયેલ એફિડેવીટ અને દસ્તાવેજોની કોઈ નકલ કંપનીને મળેલી નથી. જેથી તેઓને બચાવની તક મળી રહે તે માટે થયેલ એકતરફી હુકમ રદ કરી કેસ પુનઃ બોર્ડ પર લેવો જોઈએ. થયેલ એકતરફી હુકમ જોતા તેમાં શ્રમયોગી કોન્ટ્રાક્ટરના કામદાર હોવા છતાં કંપની અને કોન્ટ્રાક્ટર બંને વિરુદ્ધ હુકમ કરવામાં આવેલો છે. શ્રમયોગીએ માત્ર એફિડેવીટ ઉપરની જુબાની સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા તેઓની રજૂઆતના સમર્થનમાં રજૂ કરેલા નથી. કંપની વ્યાજ ખર્ચની રકમ શ્રમયોગીને ચૂકવી આપવા તૈયાર છે. જેથી ફરિયાદમાં કરેલ હુકમ રદ કરી કેસને પુનઃ બોર્ડ પર લેવા હુકમ કરવો જોઈએ.

(૩) સામાવાળા શ્રમયોગી તરફે આંક–૫થી લેખિત જવાબ રજૂ કરી જણાવવામાં આવેલ છે કે, જી.એસ.એફ.સી. લિમિટેડ ફાઈબર યુનિટ દ્વારા સદર ફરી ફાઈલ અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરવા અરજી દાખલ કરનાર રાજેશ કુમાર એવીપી(પ્રોડ– નાયલોન–૬ એન્ડ એફ.યુ.)ને કાયદેસરની સત્તા આપેલ હોય તેવો કોઈ ઠરાવ આ કામે રજૂ થયેલ ન હોવાથી અરજી ચાલવાપાત્ર થતી નથી. કોર્ટ દ્વારા મૂળ ફરિયાદમાં પક્ષકારોને બચાવની પૂરતી અને વ્યાજબી તક કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આપવામાં આવેલી છે. જેથી થયેલ હુકમ એકતરફી ન હોવાથી અરજી ચાલવાપાત્ર થતી નથી. સંસ્થાને વારંવાર બચાવની તક આપેલી હોવા છતાં તેઓ કોર્ટ સમક્ષ જાણી જોઈને હાજર થયેલા નથી તેવું ૪૩૪ પરચુરણ અરજીઓ છે જે તમામ કેસોની માહિતી સંસ્થાને ન હોય તેવું માની શકાય નહીં. મૂળ ફરિયાદમાં ૩ વર્ષ જેટલા લાંબા સમય સુધી ગેરહાજર રહીને કોર્ટની સુનવણીની અવગણના સંસ્થાએ કરેલી છે. સંસ્થા ૨૧૯ ગરીબ કામદારોને તેઓ રેફરન્સ (આઈ.ટી.) નંબર:૧૩/૨૦૧૫ના ઔદ્યોગિક વિવાદ સાથે સીધી રીતે સંકળાયેલા હોઈ

આઈ.ડી. એક્ટની કલમ–૩૩નો અમલ કરીને નોટિસ પગાર ચૂકવી અને એપ્રુવલ અરજી દાખલ કરી છુટા કરી શકતી હતી. પણ સંસ્થાએ કાયદાનું પાલન કરેલ નથી અને ગેરકાયદેસર રીતે છુટા કરેલા છે. તા.૨૦/૦૨/૨૦૨૦ થી ૧૭/૦૩/૨૦૨૩ના ગાળાના અન્ય કેસોમાં સંસ્થા અને તેમના વકીલો હાજર રહેલા છે જેથી તેઓને મૂળ ફરિયાદ પેન્ડીંગ છે તેની જાણ હતી છતાં બંને સંસ્થા અને તેમના વકીલશ્રીઓએ સમજી વિચારી પાછળથી ફરી ફાઈલ અરજી કરી દઈશું તેવા બદઈરાદાથી તેઓ મૂળ ફરિયાદમાં હાજર રહેલા નથી. કોન્ટ્રાક્ટરની જવાબદારી અંગે સંસ્થાએ કરેલી રજૂઆત કોન્ટ્રાક્ટ લેબર એક્ટ અને તે હેઠળ ઘડાયેલા નિયમોની જોગવાઈઓના ભંગ સમાન છે અને કોર્ટે પૂરી તક આપી હુકમ કરેલો હોવાથી જાણી જોઈને સંસ્થા હાજર રહેલી ન હોવાથી અરજી રદ કરવી જોઈએ. ગેરહાજર રહેવા અંગે યોગ્ય અને પૂરતું કારણ સંસ્થા દ્વારા આપવામાં આવેલ નથી તેમજ સંસ્થા ખર્ચ આપવા તૈયાર છે તેવા સંજોગોમાં પડેલા દિવસોના પગાર પેટે ૧૦% રકમ અથવા રૂા.૧,૦૦,૦૦૦/–ખર્ચ ચૂકવી આપે તેવો હુકમ ફરમાવવો જોઈએ અને સંસ્થાએ યોગ્ય અને પૂરતું કારણ આપેલ ન હોઈ અરજી રદ કરવી જોઈએ.

(૪) અરજદાર તરફે દલીલો માટે કોઈ હાજર ન રહેતા તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૫) સામાવાળા શ્રમયોગી તરફે તેમના વિ.પ્રતિનિધિશ્રી વી.કે. કાઝીએ મૌખીક દલીલો કરેલી છે.

(૬) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:–**

**૧.** શું ફરી ફાઈલ અરજીથી માંગેલ દાદ મંજુર કરવી જોઈએ ?

**૨.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** હકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**(૮)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે સદર અરજી અરજદારે ઔદ્યોગિક તકરાર (ગુજરાત) નિયમો, ૧૯૬૬ના નિયમ–૨૬–એ હેઠળ રજુ કરી ફરિયાદ (આઈ.ટી.) નં.૧૬૨/૨૦૨૦માં તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ આ કામના સામાવાળા શ્રમયોગીને પડેલા દિવસોના ૨૦% પગાર અને તેને આનુષાંગિક લાભો સાથે સળંગ નોકરી ગણી તેમની નોકરીની મૂળ જગ્યા પર પુનઃસ્થાપિત કરવા તેઓ તેમજ બી.જે. એન્ટરપ્રાઈઝ (કહેવાતા કોન્ટ્રાક્ટર) વિરુદ્ધ કરવામાં આવેલા હુકમને રદ કરી સદર કેસ ગુણદોષ ઉપર ચલાવવા માટે પુન: બોર્ડ પર લેવા દાદ માંગેલી છે. નિયમ–૨૬–એ નીચે મુજબ છે.

**૨૬–એ. એક તરફી હુકમો, એવોર્ડ અને રીપોર્ટો રદ કરવા બાબત:–**

(૧) એકતરફી હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર, સંબંધિત પક્ષકાર અરજી કરે એટલે, બોર્ડ, કોર્ટ, મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ સામા પક્ષકારને નોટિસ આપ્યા પછી, પૂરતા કારણસર, યથાપ્રસંગ, આવા હુકમ, એવોર્ડ અથવા રીપોર્ટ રદ કરી શકશે.

(૨) બોર્ડ, કોર્ટ, મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા લવાદ, પૂરતું કારણ દર્શાવવામાં આવ્યેથી, પેટા–નિયમ (૧)માં ઉલ્લેખેલી મુદત લંબાવી શકશે.

(૩) પેટા–નિયમ (૧) હેઠળની અરજી સાથે સોગંદનામું હોવું જોઈશે.

**(બી)** મૂળ ફરિયાદ (આઈ.ટી.) નંબર:૧૬૨/૨૦૨૦નું રેકર્ડ ધ્યાને લઈએ તો આ કામના સામાવાળા શ્રમયોગીએ અરજદાર સંસ્થા અને બી.જે. એન્ટરપ્રાઈઝ (કહેવાતા કોન્ટ્રાક્ટર) વિરુદ્ધ ઔદ્યોગિક વિવાદ ધારો–૧૯૪૭ (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે)ની કલમ–૩૩–એ હેઠળ દાખલ કરી સદર બંને સંસ્થા દ્વારા સંયુક્ત અથવા વ્યક્તિગત રીતે કોર્ટની પૂર્વ પરવાનગી લીધા વિના તા.૦૬/૦૫/૨૦૧૯ના હુકમથી તા.૩૧/૦૩/૨૦૧૯ના રોજની પશ્ચાતવર્તી અસરથી કરેલ છટણી ગેરકાયદેસર, ગેરવ્યાજબી, કલમ–૨૫(એમ), ૨૫(એન) અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ વિરુદ્ધનું છે તેમ ઠરાવી તે હુકમ રદ કરવા અને બંને સંસ્થાઓને પૂરા પગાર, સળંગ નોકરી અને અનુષાંગિક લાભો સાથે નોકરીની મૂળ જગ્યાએ પુન: સ્થાપિત તેઓને કરવા હુકમ કરવા દાદ માંગેલી. સદર ફરિયાદની આંક–૩ની નોટિસ જી.એસ.એફ.સી. અને કોન્ટ્રાક્ટરને રજી.એ.ડી.થી બજેલ. ત્યારબાદ કોઈ જવાબ રજૂ કરવામાં આવેલ નહીં. ત્યારબાદ ફરિયાદીએ આંક–૮થી તા.૧૯/૧૦/૨૦૨૨ના રોજ એફિડેવીટ ઉપર જુબાની રજૂ કરેલ તેની ઉલટતપાસનો હકક આંક–૯માં તા.૨૩/૧૧/૨૦૨૨ના રોજ હુકમ કરી બંધ કરવામાં આવેલ. ફરિયાદી તરફે આંક–૭થી તા.૧૯/૧૦/૨૦૨૨ના રોજ રજૂ થયેલા દસ્તાવેજો બાદ આંક–૧૦ની તા.૨૩/૧૧/૨૦૨૨ની પુરસીસથી ફરિયાદીએ તેમના પુરાવા બંધ જાહેર કરેલ અને ત્યાર પછી આંક–૧૧માં તા.૧૧/૦૧/૨૦૨૩ના રોજ અરજી હેઠળ હુકમ કરી જી.એસ.એફ.સી. તથા કોન્ટ્રાક્ટરના પુરાવા રજૂ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. આંક–૧૨થી તા.૨૨/૦૨/૨૦૨૩ના રોજ ફરિયાદી તરફે લેખિત દલીલો રજૂ કરવામાં આવેલ અને તે પછી આંક–૧૩માં

તા.૦૯/૦૩/૨૦૨૩ના રોજ હુકમ કરી ફરિયાદના બંને સામાવાળાઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો. ત્યાર બાદ તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ ફરિયાદમાં એકતરફી હુકમ પસાર કરવામાં આવેલો છે.

**(સી)** ફરિયાદ (આઈ.ટી.) નંબર:૧૬૨/૨૦૨૦નું રેકર્ડ જોતા જી.એસ.એફ.સી. અને કોન્ટ્રાકટરને રજી.એ.ડી.થી નોટિસ બજ્યા બાદ જવાબનો હકક બંધ કરવા માટેની કોઈ અરજી ફરિયાદી તરફે આપવામાં આવેલી નથી અને ફરિયાદીએ એફિડેવીટ રજૂ કરવા મુદત અરજી આપેલ તેને જવાબનો હકક બંધ કરવાની અરજી ગણી રોજકામમાં તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ જવાબનો હકક બંધ કરેલ છે અને ફરિયાદીના પુરાવા પર મુલત્વી તેમ લખવામાં આવેલું છે. તા.૧૬/૦૬/૨૦૨૨ની અગાઉનું રોજકામ જોઈએ તો કોરોના મહામારીના કારણે સદર કેસમાં કોઈ જ કાર્યવાહી થયેલ નથી અને સતત તેમાં મુદતો પડેલી છે. તા.૧૬/૦૬/૨૦૨૨ પછી કોર્ટ દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ ફરિયાદી તરફે રજૂ થયેલ મુદત અરજી પર જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવાના બદલે મુદત અરજી મંજુર કરવામાં આવેલી છે અને રોજકામમાં જવાબનો હકક બંધ લખવામાં આવેલો છે. આમ, સદર કેસમાં જવાબનો હકક બંધ કરવા અંગે કોઈ હુકમ કરેલ નથી છતાં જવાબનો હકક બંધ ગણી કેસ આગળ ચલાવવામાં આવેલો છે. તા.૧૬/૦૬/૨૦૨૨ પહેલા કોરોના મહામારીના કારણે અને વર્ચ્યુઅલ મોડથી કેસો ચાલતા હોવાના કારણે સદર કેસમાં કોઈ કાર્યવાહી થઈ શકેલી નથી. ત્યાર બાદ પક્ષકારોને કોઈ પણ જાતની નોટિસ કર્યા વિના સદર કેસમાં એકતરફી કાર્યવાહી કરવામાં આવેલી છે અને તા.૨૧/૦૯/૨૦૨૨ થી ૦૯/૦૩/૨૦૨૩ સુધીના સમયગાળામાં જવાબથી માંડીને ઉલટતપાસ, પુરાવા અને દલીલોનો હકક બંધ કરી કેસ

હુકમ પર લેવામાં આવેલો છે તેવું ફલિત થાય છે. તે હકીકત છે કે, સંસ્થાને રજી.એ.ડી.થી નોટિસ બજેલી જેથી તેઓની પણ કોરોના મહામારી પૂરી થયા પછી કોર્ટમાં હાજર રહી તપાસ કરી કેસ કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ થતી હતી. છતાં તેઓ ગેરહાજર રહેલા હતા પણ સાથે–સાથે કોર્ટ દ્વારા પણ કોરોના મહામારીના સમયગાળા પછી કેસ કાર્યવાહી શરૂ કરવામાં આવી તે સમયે પક્ષકારોને જો નોટિસ મોકલવામાં આવેલી હોત તો સદર કેસમાં એકતરફી કાર્યવાહી કદાચ થયેલ ન હોત. આ સિવાય કરવામાં આવેલ હુકમ જોઈએ તો, હુકમ બંને સંસ્થા વિરુદ્ધ કરવામાં આવેલો છે. જી.એસ.એફ.સી.માં પુનઃસ્થાપિત કરવા કે કોન્ટ્રાક્ટરને ત્યાં પુનઃસ્થાપિત કરવા તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવેલી નથી અને ફરિયાદી કોના કામદાર ગણી શકાય તે અંગે પણ કોઈ નિર્ણય કરવામાં આવેલો નથી. જેથી આ અરજીમાં જી.એસ.એફ.સી. દ્વારા જણાવવામાં આવેલા કારણોમાં તથ્ય જણાતું હોઈ અને કોઈ પણ કેસનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવામાં આવે તો જ પક્ષકારો વચ્ચે વાસ્તવિક ન્યાય થઈ શકે તેને ધ્યાને રાખતા અને જી.એસ.એફ.સી.એ પણ મૂળ કામમાં એકથી વધુ મુદતો સુધી ગેરહાજરી રાખી કોઈ બચાવ કરેલો નથી અને તેથી તેમની વિરુદ્ધ ફરિયાદીની તરફેણમાં થયેલ હુકમના ફળોથી આ ફરી ફાઈલ અરજી મંજૂર થવાના કારણે શ્રમયોગીને વંચિત રહી સહન કરવાનું આવે તેમ હોઈ તથા શ્રમયોગીએ પુનઃ કોર્ટમાં હાજર રહી ખર્ચ કરવો પડે તેમ હોઈ અરજદાર સંસ્થાને સામાવાળા શ્રમયોગીને ખર્ચના રૂા.૨૦૦૧/–(અંકે રૂપિયા બે હજાર એક પુરા) ચૂકવી આપવાની શરતે સદર ફરી ફાઈલ અરજી મંજૂર કરવા હુકમ કરવો વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી મુદ્દા નંબર–૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૯) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઇ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** આથી સામાવાળા શ્રમયોગીને ખર્ચના રૂ.૨૦૦૧/-(અંકે રૂપિયા બે હજાર એક પુરા) આ હુકમની જાણ થયાના દિન-૩૦માં ચૂકવી આપવાની શરતે અરજદાર સંસ્થાની ફરી ફાઈલ અરજી મંજૂર કરવામાં આવે છે અને ફરિયાદ (આઈ.ટી.) નંબર:૧૬૨/૨૦૨૦માં થયેલ હુકમ તેઓ પૂરતો સેટ અસાઈડ કરી તે કેસ પુનઃ ગુણદોષ ઉપર ચલાવવા બોર્ડ પર લેવામાં આવે છે.

**૨.** સંસ્થા નિયત સમય મર્યાદામાં ખર્ચની રકમ ન ચૂકવે તો તેઓની ફરી ફાઈલ અરજી રદ થયેલી ગણાશે.

**૩.** સામાવાળાને ખર્ચની રકમ ચુકવ્યાના પુરાવા રજુ થાય તે પછી જ ફરિયાદને ગુણદોષ ઉપર ચલાવવા માટે પુન: બોર્ડ પર મોકલવા આથી અત્રેની કચેરીને સ્પષ્ટ સુચના આપવામાં આવે છે.

**૪.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ:૨૨/૦૭/૨૦૨૬.**
**સ્થળ: સુરત.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.**